# શાશ્વત તત્ત્વ, અનંત તત્ત્વ

૧ સપ્ટેમ્બર, ૨૦૨૫

આત્મીય પાઠક,

આ વર્ષે ૧ જાન્યુઆરીએ 'મધુર સરપ્રાઇઝ'માં આપણાં શ્રીગુરુ, ગુરુમાઈ ચિદ્વિલાસાનંદે આપણને એક પ્રશ્ન પૂછ્યો હતો. શ્રીગુરુમાઈએ પૂછ્યું હતું, "શાશ્વતતા અને અનંતતા વચ્ચે શું ફરક છે?"

એક લેખક તરીકે મને લાગે છે કે એ સ્વાભાવિક હતું કે આ પ્રશ્નનો જવાબ આપવા માટે મારી વૃત્તિ શબ્દોના અર્થના દૃષ્ટિકોણથી વિચારવાની હતી. મને ખબર હતી કે *શાશ્વતતા* શબ્દનો સંબંધ સમય સાથે છે. શાશ્વતતા એટલે અનંતકાળ, અવિરત સમય, એવો સમય જેનો નથી કોઈ આરંભ કે નથી અંત. જ્યારે *અનંતતા* શબ્દનું ક્ષેત્ર વધારે વિસ્તૃત છે. અનંતતા એટલે અપરિમિતતા, અપારતા, બ્રહ્માંડીય અસીમિતતા. જોકે અનંતતાનો સંબંધ સમય સાથે હોઈ શકે છે, પરંતુ મોટાભાગે તેનો પ્રયોગ સ્થાનના સંદર્ભમાં અથવા કોઈ વસ્તુની માત્રા અથવા તેની સીમા કે વ્યાપકતા દર્શાવવા માટે કરવામાં આવે છે.

થોડા સમય માટે તો હું આ જવાબથી સંતુષ્ટ હતી. આ શબ્દોના અર્થ વચ્ચેના તફાવતને (અથવા બીજુ કંઈ નહીં તો તેની વચ્ચેના એક મુખ્ય તફાવતને) ઓળખીને મને લાગ્યું કે મેં ગુરુમાઈજીના પ્રશ્નનો જવાબ સારી રીતે આપી દીધો છે. પરંતુ કદાચ મારા મનમાં ક્યાંક કંઈક વણઉકેલાયેલું રહી ગયું હશે કારણ કે થોડા સમયથી હું આ પ્રશ્ન પર ફરીથી વિચારવા લાગી છું. મને વિચાર આવે છે : *ગુરુમાઈજીએ આપણને આ પ્રશ્ન શા માટે પૂછ્યો? શાશ્વતતા અને અનંતતા વચ્ચેના ફરકનું વિશ્લેષણ કરીને આપણને શું સમજ મળી શકે?*

તેથી મેં થોડુંક અન્વેષણ કર્યું. મેં મારા પિતા સાથે વાત કરી, જેઓ વૈજ્ઞાનિક છે. તેમણે મારા ઘણા બધા અને વારંવાર પૂછાયેલા (અને નિ:સંદેહ ખૂબ જ સામાન્ય) પ્રશ્નોના જવાબ ધૈર્યપૂર્વક આપ્યા. આ પ્રક્રિયામાં હું એક વાત સમજી ગઈ અને મને ખાતરી છે કે જે પણ ભૌતિકશાસ્ત્રીઓ આ પત્ર વાંચી રહ્યા છે તેઓ આ વાતને ચોક્કસપણે સારી રીતે જાણતા હશે. તે એ છે કે એક એવો સંદર્ભ છે, એવી પરિસ્થિતિ છે જેમાં સ્થાન અને સમય વચ્ચેનો તફાવત સમાપ્ત થઈ જાય છે — જ્યાં શાશ્વત, અનંત બની જાય છે અને અનંત, શાશ્વત બની જાય છે.

એ સંદર્ભ, એ પરિસ્થિતિ છે, *પ્રકાશ*.

વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે પ્રકાશની ગતિમાં, સમય સ્થિર થઈ જાય છે અને અંતર સમેટાઈને શૂન્ય થઈ જાય છે. તેનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે, રાત્રિનું આકાશ — કાળા સ્ફટિકની જેમ ચમકતું, તારાઓથી ભરેલું આકાશ. પ્રકાશને આપણા બ્રહ્માંડના કેટલાક સૌથી દૂરના તારાઓથી પૃથ્વી સુધી પહોંચવામાં અબજો વર્ષ લાગી શકે છે. તેનો અર્થ એ છે કે જ્યારે આપણે આપણી આંખોથી આ પ્રકાશને જોઈએ છીએ ત્યારે બની શકે એ તારો બીજા

સ્થાન પર જતો રહ્યો હોય અથવા તો તેનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ ગયું હોય. એટલા માટે, જ્યારે આપણે આકાશને જોઈએ છીએ ત્યારે હકીકતમાં આપણે ભૂતકાળને જોઈ રહ્યાં હોઈએ છીએ.

હવે, જો આપણે આ પરિદૃશ્યને પ્રકાશના દૃષ્ટિકોણથી જોઈએ તો? તો પછી વાસ્તવિકતા કંઈક જુદી જ હશે! વાત એમ છે કે જે રીતે આપણે સમય અથવા અંતરનો અનુભવ કરીએ છીએ, તે રીતે પ્રકાશ નથી કરતો. અબજો પ્રકાશવર્ષ દૂર સ્થિત એક તારામાંથી જે ક્ષણે પ્રકાશ નીકળે છે — પ્રકાશના દૃષ્ટિકોણથી — તે એ જ ક્ષણે પૃથ્વી પર પણ હોય છે અને આપણે તેને આપણી આંખો દ્વારા જોઈ રહ્યાં હોઈએ છીએ. બીજા શબ્દોમાં કહીએ તો પ્રકાશ સમયના અંતરાલને સમાપ્ત કરી દે છે. પ્રકાશ બે સ્થાન વચ્ચેના અંતરને સમાપ્ત કરી દે છે. પ્રકાશ શાશ્વત છે. પ્રકાશ અનંત છે.

હું કોઈપણ દૃષ્ટિએ ભૌતિકશાસ્ત્રી અથવા ગણિતશાસ્ત્રી નથી, પરંતુ જ્યારે મેં પ્રકાશ, સ્થાન અને સમય વિશે આ તથ્યો જાણ્યાં ત્યારે મને ખબર પડી કે એ મનને ભ્રમિત કરી દે તેવાં તો છે, સાથેસાથે તેમાં ગહન અંતર્જ્ઞાન જગાવવાની ક્ષમતા પણ છે. સિદ્ધયોગ પથ પર, આપણે ગુરુમાઈજી પાસેથી શીખ્યાં છીએ કે પ્રકાશ ભગવાનનું સ્વરૂપ છે. આપણો ઉદ્‌ગમ પ્રકાશમાંથી જ થયો છે અને અંતે આપણે પ્રકાશમાં જ વિલીન થઈ જઈશું. એ પ્રકાશ જ છે જેને શ્રીગુરુ આપણી અંદર જગાવે છે; એ પ્રકાશ જ છે જેને આપણે બીજાં લોકોમાં, આપણી આસપાસના સંસારમાં ઓળખીએ છીએ. જ્યારે મને ગુરુમાઈજીનાં દર્શન થાય છે ત્યારે એ પ્રકાશ જ ઊમડીને મારા હૃદયને ભરી દે છે અને પ્રકાશ જ તેમાંથી બહાર છલકાય છે. જ્યારે હું સ્વપ્નમાં ગુરુમાઈજીને જોઉં છું ત્યારે આ પ્રકાશ જ સ્વપ્નોની સીમાઓને ઓગાળી દે છે, તેથી જ આ સ્વપ્નો અલગ લાગે છે, વાસ્તવિક લાગે છે, જાણે એ સ્વપ્નાવસ્થા અને જાગ્રતાવસ્થા બંનેથી પરે હોય. તેથી મારા અધ્યયન અને મારા અનુભવ, બંનેના આધારે હું જાણું છું કે જો કંઈ એવું હોય જે સમયને રોકી શકે છે — જો કંઈ એવું હોય જે સ્થાનની પાર જઈ શકે છે — તો તે આ પ્રકાશ જ છે.

ગુરુમાઈજી દ્વારા લિખિત કવિતાઓમાંથી મારી એક મનપસંદ કવિતા છે, "As the Light Comes Streaming Down," જે તેમના પુસ્તક *Pulsation of Love* [૧] (પલ્સેશન ઑફ લવ)માંથી છે. આ કવિતામાં, ગુરુમાઈજીએ પ્રકાશ અને સમયના વિષયોને એકબીજામાં ગૂંથી દીધા છે, અને તેઓ આપણને પ્રેરિત કરે છે કે આપણે તે બંને વચ્ચેના સંબંધના સ્વરૂપ પર વધારે ગહનતાથી વિચાર કરીએ. કવિતાની શરૂઆતમાં ગુરુમાઈજી લખે છે :

> જેમજેમ પ્રકાશ નીચે પ્રવાહિત થઈ રહ્યો છે,
>     કાલે, આજે અને સદા-સર્વદા,
>     પવન શ્વેત પરિધાનમાં સુશોભિત છે.
> નદીઓમાં જાણે કે દૂધ વહી રહ્યું છે.
> સંપૂર્ણ ધરા પ્રેમની કોમળતાથી
>     પ્રફુલ્લિત થઈ રહી છે.
> પ્રભુની કરુણાથી ભરેલું,

તેમના અનંત આશીર્વાદોથી ભરેલું
હૃદય પણ તેની કૃતજ્ઞતા અભિવ્યક્ત કરી રહ્યું છે.

બધો સમય ભગવાનનો સમય છે,
અને ભગવાનનો સમય શાશ્વતતા છે.
દરેક જીવાત્મા પોતાના ઊંડાણમાં આ વાત જાણે છે,
પરંતુ તે જે જાણે છે એ તેને હંમેશાં યાદ નથી રહેતું.
કૃતજ્ઞતા તો જીવાત્માની પ્રકૃતિ છે.

આ વાતને યાદ ન રાખવાથી
કે બધો સમય ભગવાનનો સમય છે
તમે માત્ર તેના માટે કૃતજ્ઞ રહો છો
જે સારું પ્રતીત થાય છે.
જ્યારે તમારો જન્મ થાય છે તો તે ભગવાનનો આભાર માનવાનો સમય છે.
જ્યારે જીવન ચાલી રહ્યું છે તો તે ભગવાનનો આભાર માનવાનો સમય છે.
જ્યારે તમારું મૃત્યુ થાય છે તો તે પણ ભગવાનનો આભાર માનવાનો સમય છે.
આ પ્રકાશ સદૈવ એક આશીર્વાદ છે.
આ પ્રકાશ સ્વયં કરુણા છે.

બધો સમય ભગવાનનો સમય છે. દરેક ક્ષણ તેના સુધી પહોંચવાનું દ્વાર ખોલી દે છે, જે વિશ્વાતીત છે. ગુરુમાઈજી આ જ શીખવે છે.

તો પછી, આપણે આ બોધ સાથે વધારે નિરંતરતાથી કેવી રીતે જીવીએ? કેવી રીતે આપણે આપણા જીવનને એ પ્રકારે જીવીએ કે આપણે વારંવાર ભગવાનના પ્રકાશ તરફ પાછા ફરીએ? હું સમજું છું કે આ પ્રશ્ન અને તેની સાથે જોડાયેલા અનેક સંભવિત ઉત્તરો, વર્ષ ૨૦૨૫ માટે શ્રીગુરુમાઈના સંદેશના સારમાં નિહિત છે : *તમારા સમયને તમારા માટે લાભપ્રદ બનાવો.*

આ આખા વર્ષ દરમ્યાન, મેં એ ઉત્સવો વિશે લખ્યું છે જેને આપણે સિદ્ધયોગ પથ પર મનાવીએ છીએ, અને એ પણ લખ્યું છે કે તે સ્પષ્ટપણે આપણને ભગવાનના પ્રકાશની અનુભૂતિ કરવાના સુઅવસરો પ્રદાન કરે છે. સપ્ટેમ્બરમાં આ સુઅવસર છે, નવરાત્રિ. નવરાત્રિ નવ રાતોનો ઉત્સવ છે જેનો ઉદ્‌ગમ ભારતમાં થયો છે; આ વર્ષે તે ૨૨ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી છે, જેનું સમાપન ૨ ઑક્ટોબરે દશેરાના ઉત્સવ સાથે થશે. આ ઉત્સવ દેવી પરમેશ્વરીની પૂજા-અર્ચના કરવા માટે સમર્પિત છે, જે સ્વયં દિવ્ય પ્રકાશરૂપિણી છે. તદુપરાંત, પ્રકાશથી દેવીની ઉપાસના કરવાની પરંપરા પણ છે — ઉદાહરણ તરીકે, પૂજા-અનુષ્ઠાનો દ્વારા અથવા ગરબા-દીપની ફરતે નૃત્ય કરીને.

નિઃસંદેહ, ભગવાનના પ્રકાશનું આવાહન કરવા માટે આપણે સપ્ટેમ્બરના અંત સુધી રાહ જોવાની જરૂર નથી. આપણે તે અત્યારે, આજે થોડા સમય પછી અને આવતીકાલે અને તેના પછી દરરોજ કરી શકીએ છીએ. ગુરુમાઈજી તેમની કવિતામાં જણાવે છે કે આપણે આ કેવી રીતે કરી શકીએ છીએ. આપણે સ્મરણનો અભ્યાસ કરી શકીએ છીએ અને આપણે કૃતજ્ઞતાનો અભ્યાસ કરી શકીએ છીએ.

આપણે દરરોજ ભગવાનના પ્રકાશની કેટલીક અભિવ્યક્તિઓને ઓળખવાનો પ્રયત્ન કરી શકીએ છીએ, જેને આપણે સ્વયંમાં, બીજાંઓમાં, આપણી આસપાસના સંસારમાં જોઈએ છીએ. જરૂરી નથી કે આ અભિવ્યક્તિઓ બહુ "મોટી" હોય. બની શકે કે આપણને આ પ્રકાશની ઝલક પાંદડાની નસમાં અથવા વૃક્ષની ડાળીની લચીલી ગતિમાં, કોઈ વ્યક્તિના સ્મિતમાં અથવા તેના ગાલ પરથી વહેતા એક મૃદુલ આંસુમાં જોવા મળે. આપણે બસ આ ક્ષણો પ્રત્યે વધારે સજગ થવાની, તેની નોંધ લેવાની જરૂર છે (ઉદાહરણ તરીકે, આપણી જર્નલમાં લખીને) અને તેના માટે જાગરૂકતાપૂર્વક આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરવાની જરૂર છે.

મને ખુશી છે કે અત્યારે હું તમારી સાથે કૃતજ્ઞતા વિશે વાત કરી રહી છું. હું કૃતજ્ઞ છું કે હું આ કરી રહી છું. હું આવું શા માટે કહી રહી છું?

હું આવું એટલા માટે કહી રહી છું કારણ કે આજનો પત્ર, સપ્ટેમ્બરનો પત્ર, છેલ્લો પત્ર છે જે હું આ વર્ષે તમારા માટે લખી રહી છું. અને જ્યારે હું છેલ્લા નવ મહિનાઓની આપણી યાત્રા પર — શ્રીગુરુમાઈના સંદેશ પર આપણે વ્યક્તિગત રૂપે અને સામૂહિકરૂપે જે સાધના કરી છે તેના પર — મનન કરું છું ત્યારે હું જે મહસૂસ કરું છું એ છે કૃતજ્ઞતા. હું જે અનુભવ કરું છું એ છે મારા હૃદયમાં ઊમડતો કૃતજ્ઞતાનો ભાવ.

હું ગુરુમાઈજી પ્રત્યે કૃતજ્ઞ છું, તેમના સંદેશ માટે, સંદેશ સાથે સંબંધિત તેમની શિખામણો માટે (જેમકે 'સમયની સમક્ષ'), તેમના પ્રેમ અને તેમની કૃપા માટે, જે આ જીવનમાં દરેક સમયે અને દરેક જન્મમાં આપણી સાથે છે. હું તમારી એટલે કે સિદ્ધયોગીઓના અને નવા સાધકોના સંઘમ્‌ની પણ ખૂબ પ્રશંસા કરું છું કે તમે મારા મનનચિંતન સાથે આટલી વિચારશીલતાથી સંલગ્ન થયા અને ગુરુમાઈજીના સંદેશનો અભ્યાસ કરવાના તમારા પોતાના અનુભવો મોકલ્યા.

હવે, આગળ પણ ગુરુમાઈજીના સંદેશનું આપણું અધ્યયન અને અભ્યાસ ચાલુ રહેશે. આપણી પાસે આ વર્ષમાં હજી પણ ચાર મહિના બાકી છે, અને કોણ જાણે આ સમય દરમ્યાન આપણને કઈ-કઈ અંતર-સમજ મળશે, કેવા અનુભવો થશે અને આપણી અંદર કયા રૂપાંતરણો થશે? જોકે આ વર્ષ પછી પણ — કેલેન્ડરનું એ ચક્ર પૂરું થયા પછી પણ, જેમાં આપણે ગુરુમાઈજીના આ સંદેશ પર કેન્દ્રિત છીએ — ગુરુમાઈજીનું પ્રજ્ઞાન જીવંત રહેશે. આ પ્રજ્ઞાન, પ્રકાશનું નાદરૂપ છે, પ્રકાશે જ વિશિષ્ટ અક્ષરો અને શબ્દોનો એવો આકાર લઈ લીધો છે જેને આપણે સમજી શકીએ. ગુરુમાઈજીનો સંદેશ શાશ્વત અને અનંત છે, એ સદૈવ આપણી સાથે છે.

આ વિષય પર આગળ ચર્ચા કરતા, હું પૂછવા માગું છું : શું તમે ક્યારેય 'સોલર એનેલેમા' જોયું છે અથવા તેના વિશે સાંભળ્યું છે? આખા વર્ષ દરમ્યાન ઘણા બધા જુદા-જુદા દિવસો પર, એક જ સમયે અને એક જ સ્થાનથી સૂર્યના ફોટા લેવામાં આવે છે અને પછી આ ફોટાઓને એક સાથે જોડી દેવામાં આવે છે. આનાથી સમય જતાં જે

આકૃતિ બની શકે છે, તે છે ‘સોલર એનેલેમા’. જોકે દરેક ફોટામાં સૂર્ય એક જ સ્થિતિમાં દેખાય છે, પરંતુ વાસ્તવમાં તે ગતિ કરતો રહે છે. આવું થાય છે કારણ કે પૃથ્વી પોતાની ધરી પર નમેલી છે (જેના લીધે સૂર્ય ઉપર કે નીચે જતો દેખાય છે) અને પૃથ્વીની ભ્રમણકક્ષા લંબગોળાકાર છે (જેના લીધે સૂર્ય જમણી કે ડાબી બાજુ જતો દેખાય છે). શું તમે અનુમાન લગાવી શકો છો કે સૂર્યના આ બધા ફોટા જોડવાથી કયો આકાર બને છે?

અંગ્રેજીના અંક (8) આઠનો આકાર બને છે, જેને આપણે *infinity* (ઇન્ફિનિટી) એટલે કે ‘અનંતતા’નું પ્રતીક પણ માનીએ છીએ. કેવો સંયોગ છે, હે ને? મારા માટે આ એક સંકેત છે. સમયાતીતતાના ક્ષેત્રમાં સમય તેની લીલા કરે છે. ભલે આપણે જ્યાં પણ હોઈએ અથવા જે પણ સમયે હોઈએ, આપણે અનંતતાની આ જ આકૃતિ પર સતત ચાલતાં રહીએ છીએ.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

---

[૧] ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *Pulsation of Love* (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયૉર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૯૦, ૨૦૦૧), પૃષ્ઠ ૪૭.